" સરળ નોંધણી
સરળ સુધારણા "

ફોન નંબર : ૦૨૬૨૧–૨૨૧૨૪૪
ફેક્સ નંબર : ૦૨૬૨૧–૨૨૧૨૪૬
ઈ-મેઈલ : mam-olpad@gujarat.gov.in
ero155olpadac@gmail.com

**મતદાર નોંધણી અધિકારી ૧૫૫-ઓલપાડ વિધાનસભા મતદાર વિભાગ અને નાયબ કલેક્ટર ઓલપાડ પ્રાંત, ઓલપાડ તાલુકો, જિ.સુરત.-૩૯૪૫૪૦**

---

<u>ચુંટણી અગત્યનું</u> જા.નં. ૫૫૮

નં. મતય/૧૫૫-ઓલપાડ/મતદાન મથક/વશી/૨૪૭/૧૯ — તા.૩૧/૧૨/૨૦૧૯

પ્રતિ,

(૧) કમિશ્નરશ્રી,
સુરત મહાનગર પાલિકા, સુરત.

(૨) શાસનાધિકારીશ્રી,
નગર પ્રાથમિક સમિતી, સુરત.

(૩) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા પંચાયત સુરત.

(૪) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા સેવાસદન સુરત.

વિષય : <u>મતદાન મથકની બેઠક વ્યવસ્થા બાબત.</u>

તા. ૦૫/૦૧/૨૦૨૦ (રવિવાર) તા. ૧૨/૦૧/૨૦૨૦ (રવિવાર)

જયભારત સહ ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે ૧૫૫-ઓલપાડ વિધાનસભા મત વિસ્તાર હેઠળ ઓલપાડ, ચોર્યાસી તાલુકા તથા સુરત સીટી નોર્થ ઝોનના વિસ્તારો જેવા કે ઉત્રાણ, છાપરાભાઠા, અમરોલી, કોસાડ, વરિયાવ, મોટાવરાછાનો સમાવેશ થાય છે. આ વિસ્તારોમાં મતદાન મથકો તરીકે જે તે વિસ્તારની પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ, કોમ્યુનિટી હોલ, આંગણવાડી કેન્દ્ર, લાયબ્રેરી વિગેરે ના મકાનોને મતદાન મથક તરીકે ફાળવાયેલ છે. અધિક મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીના ના પત્ર ક્રમાંક ઈએલઆર / ૧૪૨૦ / ૨૯૫ (૨) / છ થી તા. ૦૧/૦૧/૨૦૨૦ લાયકાત તારીખનાં સંદર્ભમાં મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા અંતર્ગત તા. ૨૨/૧૨/૨૦૧૯ (રવિવાર) તા. ૦૫/૦૧/૨૦૨૦ (રવિવાર) તા. ૧૨/૦૧/૨૦૨૦ (રવિવાર) ના દિવસોને ખાસ ઝુંબેશના દિવસો તરીકે યોજવા મંજુરી આપવામાં આવેલ છે. જે પરત્વે તમામ મતદાન મથકોની યથાસ્થિતી જળવાય તથા સબંધિત મતદાન મથક ના મકાનની જાળવણી થાય તે હેતુસર ચુંટણીપંચ દિલ્હી તથા મુખ્ય ચુંટણી અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય દ્વારા વખતો વખત સુચનાઓ આપવામાં આવેલ છે. તો આપના તાબામાં આવતા તમામ મતદાન મથકો ના મકાનો ની યોગ્ય સ્થિતી જળવાય તેની ખાસ તકેદારી રખાવવા વિનંતી છે.

વધુમાં સુરત મહાનગર પાલિકા દ્વારા બનાવવામાં આવેલ કોમ્યુનિટી હોલ ઉત્રાણ, અને કોમ્યુનિટી હોલ મોટાવરાછા માં અત્રેના ૧૫૫-ઓલપાડ વિધાનસભામાં મતદાર વિભાગના બુથોની ફાળવણી કરવામાં આવેલ હોય, તા. ૦૫/૦૧/૨૦૨૦ (રવિવાર) તા. ૧૨/૦૧/૨૦૨૦ (રવિવાર) ના દિવસો એ મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંતર્ગત ઉત્રાણ અને મોટાવરાછા ના કોમ્યુનિટી હોલમાં કોઈ પણ પ્રકારના પ્રોગ્રામ માટે ફાળવણી ન કરવા તથા જરૂરી ટેબલ ખુરશી સાથે બેઠક વ્યવસ્થા ગોઠવવા આપના તરફથી જરૂરી સુચના અપાઈ જવા વિનંતી છે.

ELECTORAL REGISTRATION OFFICER 155-OLPAD A. C. & DY. COLLECTOR

મતદાર નોંધણી અધિકારી
૧૫૫-ઓલપાડ વિધાનસભા મત વિભાગ

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત જિલ્લો સુરત.

Scanned by CamScanner